(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. સત્થ …….. જાવ અહોરત્તં | **મુસલાદિક સાવજ્જ જોગના પચ્ચક્ખાણ** |
| ૨. છીએ …….. સોવણ વત્તિયાએ | **જંભાઈએ આમોસે સસરક્ખામોસે આઉલમાઉલાએ** |

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | અર્થ | પાઠ |
|---|---|---|
| ૧. કાઉસ્સગ્ગો | **કાયોત્સર્ગ** | **સામાયિકનો ચોથો પાઠ** |
| ૨. પીઢ | **બાજોઠ, પાટિયા આદિ** | **બારમા વ્રતમાં** |
| ૩. સહસાગારે | **ઉતાવળથી લેવા વડે** | **૨ જું શ્રમણસૂત્ર** |
| ૪. સદાર | **પોતાની સ્ત્રી** | **બીજું અણુવ્રત, ચોથું અણુવ્રત** |
| ૫. વઈક્કમં | **અપરાધ થયો હોય** | **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ** |

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. સિદ્ધની સ્તુતિ કયા પાઠથી થાય છે? તેમને કેટલા કર્મ બાકી છે?

**જ. પહેલા નમોત્થુણં, બીજા ખામણા. એકપણ નહિ.**

૨. સર્વ કાળની આશાતના એટલે શું?

**જ. કાળ વર્તના લક્ષણ છે તેમ ન માનવું. કાળનો વાંક કાઢવો. જેમ કે પાંચમો આરો છે તેથી ધર્મ થતો નથી. કાળ પ્રમાણે સ્વાધ્યાય કે પ્રતિલેખન ન કરે વગેરે.**

૩. પાખી પ્રતિક્રમણ વર્ષમાં કેટલીવાર આવે? કેટલા દિવસે થાય?

**જ. ૨૧ . ૧૫ દિવસે.**

૪. સાધુપણાની યાદ અપાવનાર શબ્દો?

**જ. સમણોऽહં, સંજય, વિરય, પડિહય.**

૫. સંમૂર્ચ્છિમ મનુષ્ય કેટલા ઉત્પન્ન થાય? તે સંજ્ઞી કે અસંજ્ઞી?

**જ. અસંખ્યાતા. અસંજ્ઞી.**

૬. માત્ર સંખ્યા લખો : કર્મભૂમિના ક્ષેત્ર – **૧૫**, ધાતકીખંડમાં વિહરમાન તીર્થંકર – **૮.**

(૫૫)

**પ્ર.૨ (ક) ડાલાપાલાના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ત્રીજા અસંખ્યાતા, પાંચમા અસંખ્યાતા, બીજા સંખ્યાતા અને આઠમા અનંતાના નામ લખો.

**જ. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત, મધ્યમ યુક્ત અસંખ્યાત, મધ્યમ સંખ્યાતા, મધ્યમ અનંતાઅનંત.**

૨. સાતમા અસંખ્યાતાનું માપ કેવી રીતે કાઢવાનું? એક આવલિકાના સમય કેટલા?

**જ. જઘન્ય યુક્ત અસંખ્યાતાની રાશિને પરસ્પર અભ્યાસરૂપ ગુણતા જઘન્ય અસંખ્યાત અસંખ્યાતની સંખ્યા આવશે. એક આવલિકાના સમય ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતા જેટલા.**

૩. અનવસ્થિત પાલાની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ અને વેદિકા કેટલી?

**જ. લંબાઈ–પહોળાઈ – ૧ લાખ યોજન માપ બદલાયા કરશે, ૧ હજાર યોજન, અડધો યોજન.**

૪. પહેલીવાર શલાકા પાલો ભરેલો હોય ત્યારે બીજા ત્રણ પાલા કેવા હોય? શલાકા પાલાની પરિધિ કેટલી?

**જ. અનવસ્થિત, પ્રતિશલાકા અને મહાશલાકા ખાલી છે. ૩ લાખ, ૧૬ હજાર, ૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય, ૧૩॥ આંગુલ ઝાઝેરી.**

૫. અનંતના પ્રકાર કેટલા? પહેલા છ લખો.

**જ. ૯, જઘન્ય પરિત્ત અનંતા, મધ્યમ પરિત્ત અનંતા, ઉત્કૃષ્ટ પરિત્ત અનંતા, જઘન્ય યુક્ત અનંતા, મધ્યમ યુક્ત અનંતા, ઉત્કૃષ્ટ યુક્ત અનંતા.**

**(આ) ખાલી જગ્યા પૂરો.** **(૩)**

| | જવાબ |
|---|---|
| ૧. એક પુદ્ગલ પરાવર્તનમાં ......, ......, ...... થઈ જાય છે. | **અનંતી, ઉત્સર્પિણી, અવસર્પિણી** |
| ૨. એક પલ્યનું આયુષ્ય = ...... વર્ષો થાય. | **અસંખ્ય** |
| ૩. એક વખતની ક્ષણિક ......, ...... કાળની શાતા અપાવી શકે છે. | **ક્ષમા, અસંખ્યાત** |

**(ઈ) જોડકા જોડો.** **(૨)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. જગતિ | ૧. ૮ યોજન | **૧. ૮ યોજન** |
| ૨. વેદિકા | ૨. આઠમા અનંતા | **૪. ૧/૨ યોજન** |
| ૩. કંદમૂળ | ૩. ચૌદ | **૨. આઠમા અનંતા** |
| ૪. રાજલોક | ૪. ૧/૨ યોજન | **૩. ચૌદ** |

**(ખ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૩)**

૧. બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન અને સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન સમજાવો. (૪)

**જ. બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન – જેટલા સમયમાં એક જીવ સમસ્ત પરમાણુઓને ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મને અને કાર્મણ શરીર કોઇપણ રૂપે પરિણમાવી જેટલા ગ્રહણ કરે તે બધા પુદ્ગલ ભોગવીને છોડી દે તેટલો કાળ. સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગબંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે તે.**

૨. ઔદારિક પુદ્ગલ પરાવર્તન એટલે શું? (૨×૪)

**જ. ઔદારિક શરીરમાં રહીને જ્યારે જીવ લોકના બધા પુદ્ગલોને ઔદારિક શરીરરૂપે ગ્રહણ કરીને બદ્ધ, સ્પૃષ્ટ, કરે છે અને તે જ પુદ્ગલોને નિર્જરા કરીને છોડે છે તેને ઔદારિક પુદ્ગલ પરાવર્તન કહેવાય.**

૩. કઈ વર્ગણાનું પુદ્ગલ પરાવર્તન થતું નથી? શા માટે?

**જ. આહારક વર્ગણાનું કારણ કે આહારક શરીર એક જીવને સંપૂર્ણ સંસારકાળમાં ચાર જ વાર પ્રાપ્ત થાય છે, તેથી તેની વર્ગણાનું પુદ્ગલ પરાવર્તન થતું નથી.**

૪. લોકમાં વર્ગણા કેટલા પ્રકારની? ગ્રહણ યોગ્ય વર્ગણા કેટલી? તેમાંથી પહેલી અને પાંચમી વર્ગણા કઈ?

**જ. અનેક પ્રકારની. આઠ. ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા અને ભાષા ગ્રહણ યોગ્ય વર્ગણા.**

૫. કાળથી શ્વાસોચ્છ્વાસ, વચન, કાર્મણ અને વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા કાર્મણ પુદ્ગલ પરાવર્તન, તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી વચન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તન અનંતગુણા.**

૬. પુદ્ગલના ભોગવટામાં શું કરવાનું છે? (૧)

**જ. શાંત, સમભાવી થવાનું છે.**

**(આ) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરે?** **(૨)**

| | ભૂતકાળમાં | ભવિષ્યમાં |
|---|---|---|
| ૧. ઘમાના જીવે ઘમાપણે ઔદારિક | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |
| ૨. નાગકુમારના જીવે વૈક્રિયપણે | **અનંતા** | **કોઈ નહિ કરે, કોઇ કરશે તો જ. ૧–૨–૩ ઉ. અનંત** |
| ૩. હેમવયના જીવે ભાષાપણે | **અનંતા** | **કોઈ નહિ કરે, કોઇ કરશે તો જ. ૧–૨–૩ ઉ. અનંત** |
| ૪. મચ્છરના જીવે કીડીપણે મન | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |

**(ગ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો. (૧૩)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. આયુષ્ય બંધ એટલે શું? કયા સૂત્રમાંથી લેવામાં આવ્યો છે? તે સૂત્ર અંગ છે કે ઉપાંગ?

**જ. આયુષ્ય બાંધવું એટલે આ ભવ પૂરો કરી આવતા ભવમાં ઉત્પન્ન થવા માટે જાતિ, ગતિ આદિ ૬ બોલ બાંધવા. પન્નવણા સૂત્ર પદ – ૬. ઉપાંગ.**

૨. આકર્ષ એટલે શું? જીવ કેટલા આકર્ષે આયુષ્યનો બંધ કરે?

**જ. આકર્ષણ થવું. જીવ પોતાના અધ્યવસાય પ્રમાણે કર્મ પુદ્ગલને થોડા થોડા ભાગમાં ગ્રહણ કરે, પોતાની તરફ ખેંચે. ૧/૨/૩/૪/૫/૬/૭/૮.**

૩. પરભવનું આયુષ્ય કોણ બાંધતું નથી? નિરૂપક્રમી આયુષ્યવાળા જીવો ક્યારે આયુષ્યનો બંધ કરે?

**જ. તીર્થંકર અને ચરમ શરીરી જીવોનું આયુષ્ય નિરૂપક્રમી હોય છે, પણ તે પરભવનું આયુષ્ય બાંધતા નથી. જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ, ૧૩ દેવ, ૧ નારકી એ ૧૪ દંડક, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આયુના ૬ માસ બાકી રહે ત્યારે અને તે સિવાયના ઔદરિકના ૧૦ દંડક નિશ્ચયે આયુષ્યના ત્રીજા ભાગે.**

૪. બટેટા, સર્વાર્થસિદ્ધ વિમાન, માખી અને રત્નપ્રભામાં કેટલા જીવો ચ્યવે અને ઉપજે?

**જ. બટેટા – સમયે (૨) અનંતા જીવો. સર્વાર્થસિદ્ધ વિમાન – જ. ૧–૨–૩ ઉ. સંખ્યાતા. માખી – જ.૧–૨–૩ ઉ. સંખ્યાતા–અસંખ્યાતા. રત્નપ્રભા – જ.૧–૨–૩ ઉ. સંખ્યાતા–અસંખ્યાતા.**

**(આ) ખાલી જગ્યા પૂરો. (૩)**

૧. સોપક્રમી આયુષ્યનું બીજું નામ ...... છે. તેમાં ...... દંડક છે.

**જ. અપવર્તનીય, ૧૦**

૨. નિદ્ધત આયુષ્યના ...... પ્રકાર છે. ગોત્ર કર્મના ..... ભાંગા છે.

**જ. ૩૦૦, ૬૦૦**

૩. ૮૧ વર્ષના સોપક્રમી આયુષ્યવાળાનો ત્રીજો બંધ ...... પાંચમો બંધ ...... ઉંમરે થાય.

**જ. ૭૮, ૮૦ વર્ષ ૮ માસ**

**(ઇ) નીચેના જીવોને કયું આયુષ્ય હોય? (૨)**

૧. બાહુ સ્વામી – **નિરૂપક્રમી**

૨. દશમા દેવલોકના દેવ – **નિરૂપક્રમી**

૩. કીડી – **નિરૂપક્રમી અથવા સોપક્રમી**

૪. રત્નપ્રભાના નારકી – **નિરૂપક્રમી**

**(ઘ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. માહેન્દ્ર દેવલોક, વીજળીની અગ્નિ, ભરતક્ષેત્રના તીર્થંકર અને અસંજ્ઞી હાથીનો જઘન્ય અને ઉત્કૃષ્ટ વિરહ લખો. (૪×૨)

| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|
| માહેન્દ્ર દેવલોક | **૧ સમય** | **૧૨ દિવસ ૧૦ મુહૂર્ત** |
| વીજળીની અગ્નિ | **વિરહ નથી.** | |
| ભરતક્ષેત્રના તીર્થંકર | **૮૪૦૦૦ વર્ષ ઝાઝેરા** | **દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો. સાગરોપમ** |
| અસંજ્ઞી હાથી | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |

૨. જઘન્ય ૬૩૦૦૦ વર્ષ ઝાઝેરો અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત અને ૪૨ મહિનાનો વિરહ કોનો છે?

**જ. ભરત–ઈરવતમાં ૪ તીર્થ–સામાયિક–છેદોપસ્થાપનીય, પહેલી નરક–ભવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષી–૧–૨ દેવલોક–સંમૂર્ચ્છિમ મનુષ્ય, ચંદ્રગ્રહણ–સમુચ્ચય ગ્રહણ.**

૩. સંમૂર્ચ્છિમ મનુષ્ય શેમાં ઉત્પન્ન થતા નથી? સારી જગ્યાએ જવું હોય તો શું કરવું જોઇએ? (૨)

**જ. પરસેવા કે થૂંકમાં. આરાધના, સાધના અને મહેનત વધારે જોઈએ.**

૪. માટીમાં ....... જીવો છે તે ........ મનુષ્ય કરતા વધારે છે. (૧)

**જ. અસંખ્યાતા, ગર્ભજ.**

૫. ....... મહિને એક મનુષ્ય ....... દેવલોકમાં જાય છે. (૧)

**જ. સંખ્યાતા, નવમા.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કપિલ મુનિએ કેવળજ્ઞાન કેવી રીતે લીધું? કોઈની ભૂલ માફ કરવાથી શેનો લાભ મળે?

**જ. મારે કાંઈ નથી જોઈતું. તપ દ્વારા નિર્જરા અને સંવરનો.**

૨. મનની ઈચ્છાઓ શેના કારણે થાય છે? મનનું નિરીક્ષણ કેવી રીતે કરવું?

**જ. મોહભાવને કારણે. વિચારો સારા કે ખરાબ કેટલા? સ્વ અને પરનું હિત અને અહિત કરે એવા કેટલા? તે વિચારવું.**

૩. વચનના સમ્યક્ અને પ્રશસ્ત ઉપયોગથી શું થાય? વચનના કયા અવગુણોથી મુક્ત થવાનું છે?

**જ. શ્રદ્ધાથી પડતાને સ્થિર કરે છે અને ઊંચું શાતા વેદનીય કર્મ બંધાવે છે. નિંદા, ખોટી ખુશામત, ગુસ્સો, ચાડી ચુગલી અને ક્લેશ.**

૪. કયા કર્મના ઉદયે કયા જીવો વચ્ચે એક જ શરીર હોય છે? સિદ્ધ અશરીરી શા માટે છે? સાધનાનો સાર શું છે?

**જ. સાધારણ નામકર્મના ઉદયે અનંતા જીવો વચ્ચે એક જ શરીર હોય છે. કર્મ રહિત હોવાથી. વિવિધ ગતિના જીવોના શરીરને જાણીને અશરીરી બનવાનો પુરુષાર્થ કરવો એ સાધનાનો સાર છે.**

૫. ....... અને ........ થી આત્માને ભાવિત કરવો. ....... અને ....... વડે આત્માનું જતન કરવું.

**જ. સંયમ અને તપ. સમિતિ અને ગુપ્તિ.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પોટ્ટિલાએ કેટલો અભ્યાસ કર્યો? કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું?

**જ. ૧૧ અંગ સૂત્રો. ઘણા વર્ષો.**

૨. તેતલીપુત્રને ક્યાં ઉદ્યાનમાં શેની નીચે બેસીને ૧૪ પૂર્વનું જ્ઞાન સ્મરણમાં આવ્યું?

**જ. પ્રમોદવન ઉદ્યાનમાં અશોકવૃક્ષ નીચે.**

૩. તેતલીપુત્રએ કયું ઝેર ચૂસ્યું? તલવારના પ્રહારથી શું થયું?

**જ. તાલપુટ નામનું કાતિલ ઝેર. તલવારની ધાર જ બુઠ્ઠી થઈ ગઈ.**

૪. જીવ ભારેપણાને કેવી રીતે પ્રાપ્ત કરે છે?

**જ. પ્રાણાતિપાત વગેરે ૧૮ પાપસ્થાનોનું સેવન કરીને.**

૫. મૃગાવતી રાણી શેના જાણકાર હતા? કેવી રીતે પોતાના આત્માને ભાવિત કરતા હતા?

**જ. જીવ–અજીવના, તપ–નિયમથી.**

૬. શ્રોત્રેન્દ્રિયને વશ જીવ કયું કર્મ વારંવાર બાંધે છે? શેમાં પરિભ્રમણ કરે છે?

**જ. અશાતા વેદનીય, સંસારમાં.**

૭. આકાશની એક શ્રેણિ ....... ........ હોય છે.

**જ. અનાદિ અનંત.**

૮. તામલી તાપસ ભિક્ષામાં શું લેતા હતા? તેનો આહાર કેવી રીતે કરતા હતા?

**જ. ઓદણ, ૨૧ વાર પાણીથી ધોતા અને પછી જે ચોખાનો કૂચો રહેતો, તેનો આહાર કરતા.**

૯. તામલી તાપસે કેટલા વર્ષ પ્રાણામા પ્રવ્રજ્યાનું પાલન કર્યું? કેટલા સમયની સંલેખણા કરી?

**જ. ૬૦,૦૦૦ વર્ષ. બે માસની.**

૧૦. તામલી તાપસના દેહની હીલના કોણે કરી? ઈશાનેન્દ્ર સમકિતી છે કે મિથ્યાત્વી?

**જ. બલિચંચાના દેવોએ. સમકિતી.**

(૧૦)

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. સોળમા પાપસ્થાનકનું નામ શું? તે જેમાં આવે છે તે કડી લખો. (૨×૨)

**જ. રતિ–અરતિ. કલહ કરી જીવ દુભવ્યા, દીધા કૂડાં કલંક, નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક.**

૨. પદ્માવતીની જીવરાશિના રચયિતા કોણ? તે નામ આવતું હોય તે કડી લખો.

**જ. સમયસુંદર. રાગ વૈરાગી જે સુણે, એ ત્રીજી ઢાળ, સમયસુંદર કહે, પાપથી છૂટે તત્કાળ.**

૩. કુંભાર, બિલ્લી, શૂરપણેથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૬)

**જ. કુંભારના ભવે મેં કીધા, કાચા નિંભાડા પકવ્યા, તેલી ભવે તલ પીલ્યા, પાપે પિંડ ભરાવ્યા.**
**બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગરોળી હત્યારી, મૂઢ ગમાર તણા ભવે, મેં જૂ લીંખ મારી.**
**શૂરપણે રણ ઝૂંઝતા, માર્યા માણસ વૃંદ, મદિરા માંસ માખણ ભક્ષ્યા, ખાધા મૂળ ને કંદ.**